Volume 3, Issue 12
March
2026

# ટપક E-MAGAZINE

૨૯ – ઓમનગર (૩), જી.આઈ.ડી.સી. પાછળ, હનુમાનપરા રોડ, અમરેલી - ૩૬૫૬૦૧, ગુજરાત

ધીરુભાઈ વાગડિયા, ડાયરેક્ટર SSKK અને બધા PU મેનેજરોએ ૪ થી ૬ માર્ચ, ૨૦૨૬ દરમિયાન દીવ ખાતે બેટર કોટન ઇનિશિયેટિવ (BCI) દ્વારા આયોજિત 3-દિવસીય રીફ્લેક્શન અને વ્યૂહાત્મક કાર્યશાળામાં હાજરી આપી હતી. આ વર્કશોપનો ઉદ્દેશ્ય શીખેલી બાબતો પર ચિંતન કરવાનો, સહયોગને મજબૂત બનાવવાનો અને આગામી વર્ષ માટે વ્યૂહાત્મક પગલાંનું આયોજન કરવાનો હતો.








Share your review



www.sskkamreli.org
info@sskkamreli.org

**તા. ૯ માર્ચ ૨૦૨૬ના રોજ બાયોકંટ્રોલ એજન્ટ મેટારિઝીયમ (ગ્રોથ) બનાવવા માટેની પ્રક્રિયા ખાંભા ઓફિસે કરવામાં આવી જેમાં અન્ય પિયુ ટીમના સભ્યો પણ ઓનલાઈન જોડાયેલ હતા.**




**સંકલિત કૃષિ વિકાસ અને આજીવિકા વૃદ્ધિ (IADLE) પ્રોજેક્ટ અંતર્ગત નવી ટેકનોલોજી અથવા પીઓપી શીખવા માટે ખેડૂતો/કર્મચારીઓ માટે હરિરાજ તાલીમ કેન્દ્ર, કૃષિ વિજ્ઞાન કેન્દ્ર અને પ્રાકૃતિક ખેતી કોલેજ / કૃષિ કોલેજ, અમરેલીના પ્રેરણા પ્રવાસનું આયોજન તા. ૧૦/૦૩/૨૦૨૬ ના રોજ થયું.**








ટપક E-MAGAZINE
Volume 3, Issue 12
March 2026

## સંસ્થામાં ચાલતા બધા કાર્યક્રમો માટે માસિક સમીક્ષા અને આયોજન બેઠક અરણ્ય વિલા રિસોર્ટ - સાસણ ખાતે ૧૫ અને ૧૬ માર્ચ ૨૦૨૬ના રોજ યોજાઈ.









**લાઠી અને આસપાસના ગામોમાં વિવિધ વિભાગો સાથે સંકલન કરી અર્બન હોર્ટીકલ્ચર તાલીમ, કાનૂની જાગૃતિ, NIC વિકાસ, બાયોચાર ઉપયોગ અને વિશ્વ પાણી દિવસ નિમિત્તે સ્વચ્છતા તથા મહિલા સશક્તિકરણ અંગે વિવિધ કાર્યક્રમો યોજાયા, જેમાં ખેડૂતો અને બહેનોને પ્રાયોગિક માર્ગદર્શન અને પ્રેરણા આપવામાં આવી.**

















ટપુક E-MAGAZINE
Volume 3, Issue 12
March 2026

**૧૮ માર્ચ ૨૦૨૬ના રોજ કેરીયા ગામના RSETI તાલીમાર્થીઓ દ્વારા પ્રગતિશીલ ખેડૂત ચતુરભાઈ રૂડાણીના પ્રાકૃતિક ફાર્મ તથા બાગાયત નર્સરીની પ્રાયોગિક મુલાકાત લઈ આધુનિક ખેતી, નર્સરી મેનેજમેન્ટ અને યોજનાકીય માહિતી અંગે ઊંડાણપૂર્વક જ્ઞાન મેળવ્યું.**














ટપક E-MAGAZINE

Volume 3, Issue 12

March 2026

## સંસ્થા દ્વારા ૨૦ અને ૨૧ માર્ચ ૨૦૨૬ ના રોજ લીમખેડા, જિલ્લો - દાહોદ સ્થિત મહિલા વિકાસ સંગઠન સહજ અને સમાન સોસાયટી ઈન્દોર ખાતે ઉદ્યોગસાહસિકો માટે પ્રેરણા પ્રવાસનું આયોજન કરવામાં આવ્યું હતું.























૨૪ અને ૨૫ માર્ચ ૨૦૨૬ ના રોજ કોટનકનેક્ટ દ્વારા નાગપુર ખાતે મહારાષ્ટ્ર અને ગુજરાતની ટીમો સાથે સુવિધા, જ્ઞાન આદાનપ્રદાન અને પ્રોજેક્ટ નેતૃત્વ પર બે દિવસીય વર્કશોપનું આયોજન કરવામાં આવ્યું હતું. તે મીટિંગમાં PU મેનેજરોએ BCI મુખ્ય સૂચકાંકો PU-વાર રજૂ કર્યા જે વહેંચાયેલ શિક્ષણ, પ્રતિબિંબ અને ક્ષેત્ર-સ્તરના અમલીકરણને મજબૂત બનાવવા સક્ષમ બનાવે છે.





મહિના દરમિયાન આશીર્વાદ ફાઉન્ડેશનના સહયોગથી સ્ત્રી સ્તન કેન્સર જાગૃતિ અને નિદાન કેમ્પોનું સફળતાપૂર્વક આયોજન થયું. જેમાં ૨૫ માર્ચ ૨૦૨૬ના રોજ નાના આંકડિયા ગામે ૨૦ મહિલાઓનું ચેકઅપ, તા. ૨૬ માર્ચ ૨૦૨૬ ના રોજ શેખપીપરીયા ગામે ૩૨ મહિલાઓનું સ્ક્રીનીંગ તેમજ બાબરા ખાતે તા. ૪ માર્ચ ૨૦૨૬ ના રોજ ૩૦ મહિલાઓનું સ્ક્રીનીંગ થયું. કેમ્પ દરમિયાન મહિલાઓને સ્વ-પરીક્ષણ, સમયસર તપાસ અને આરોગ્ય જાગૃતિ અંગે માર્ગદર્શન આપવામાં આવ્યું.











ટપક E-MAGAZINE
Volume 3, Issue 12
March 2026

## નાળીયેરી મોલી ગામના ખેડૂતોને કન્વરજન્સ દ્વારા ૬ અળસીયાના ખાતરનાં બેડ અપાવ્યા.




## કાર્યક્ષેત્રના ગામોમાં 'મહિલા દિવસ' ની ઉજવણી કરવામાં આવી.



## નાળીયેરી મોલી પ્રાથમિક શાળાના ૫૫ વિદ્યાર્થીઓને પ્રાકૃતિક ખેતી અને નેચરલ ઈનપુટ સેન્ટર વિષે માહિતી આપી.




રિલાયન્સ ફાઉન્ડેશન સાથે સંકલન કરી કાર્ય વિસ્તારના ગોંડલ કલસ્ટરના ૧૫ ગામો તેમજ પીર ખીજડીયા, બાબરા, ચિતલ, જસવંતગઢ અને કેરીયા ગામમાં 'વિશ્વ જળ દિવસ' ની ઉજવણી કરવામાં આવી. ગામમાં નદીનાળા, ચેકડેમ અને અન્ય જળસ્ત્રોતોની આજુબાજુ સાફસફાઈ અને પ્લાસ્ટિક કચરાના નિકાલ માટે કામ કરવામાં આવ્યું જેમાં શ્રમદાન માટે ૫૦૦ જેટલા સ્વયંસેવકો જોડાયા હતા.










**માર્ચ મહિના દરમિયાન પ્રોજેક્ટની કામગીરી જેવીકે ગ્રીન ચુલાઓનું વિતરણ, કેલેન્ડર વિતરણ, બાયોચાર નિદર્શન, માટી અને પાણી સરક્ષણનું કામ, એલજી ખેડૂતો અને મજૂરોની મીટીંગ અને તાલીમો, બાયો ઈનપુટ સેન્ટરની મુલાકાત જેવી કામગીરી કરવામાં આવી હતી.**



















**માર્ચ મહિના દરમિયાન ગોંડલ કાર્ય વિસ્તારના ૯ ચેકડેમોનું સમારકામ કરવામાં આવ્યું જેનાથી ૨૬૬૨૯૦.૬૪ ક્યુબીક મીટર પાણીની સંગ્રહ ક્ષમતા વધી જેનો લાભ આ ગ્રામીણ વિસ્તારના ખેડૂતોને થશે. સાથે સાથે ૮ ગામના ૨૧ ખેડૂતોને ફુવારા અને ટપક પધ્ધતિ માટે સહાય કરવામાં આવી. ૧૦ ગામના ખેડૂતોને ફાર્મ આઉટલેટ માટે મદદ કરવામાં આવી.**













**ફાર્મર ફિલ્ડ સ્કુલ કાર્યક્રમ દ્વારા ૫ ગામના ૯૫ ખેડૂતોને બાયોચાર નિદર્શનની મુલાકાત કરાવવામાં આવી. ડીઝીટલ ફાર્મર્સ સીસ્ટમ દ્વારા કોન્ફરન્સ કરી ૧૨૦ ખેડૂતો સાથે સંવાદ કરવામાં આવ્યો.**






## ભાડવા ગામના ૮૮ ખેડૂતોની 'ખેડૂત ઉત્પાદન સંગઠન' અંગે સમજ બનાવવામાં આવી.






**કાર્યવિસ્તારના બિલડી ગામમાં મહિલાઓની આજીવિકામાં વધારો કરવાના ઉદેશ્ય સાથે કૌશલ્ય વિકાસ તાલીમ યોજવામાં આવી. જેમાં ૬૪ મહિલાઓ ભાગીદાર થઈ.**




**આજીવિકાને સમર્થન આપતી પ્રવૃતિ અંતર્ગત ગત મહિનામાં ૨૬ મહિલાઓને ઈમિટેશન કામ માટે ટેબલ, ૭ સ્વયંચાલિત પાણીની ટાંકીઓ અને ૨૫૪ લોકોને પ્રાણીઓ માટે મિનરલ મિક્ચર જેવી સહાય કરવામાં આવી.**








## ૭ ગામના ૨૫૭ ભાઈઓ અને ૧૭૦ બહેનોને સરકારશ્રીની વિવિધ યોજનાઓ સાથે જોડવાની કામગીરી કરવામાં આવી.










## કાર્ય વિસ્તારના ૫ ગામોના ૧૫૨ લોકોને ડીઝીટલ અને ફાયનાન્સીયલ લિટરસીની તાલીમ આપવામાં આવી.







ટપક E-MAGAZINE
Volume 3, Issue 12
March 2026

**મહિના દરમિયાન સંકલિત કૃષિ વિકાસ અને આજીવિકા વૃદ્ધિ (IADLE) પ્રોજેક્ટ હેઠળ ૨૧ કૂવા રિચાર્જ, ૩૨ શાકભાજી ટ્રેલીનું વિતરણ, ૧૨ ખેડૂતે ટપક સિંચાઈનું સ્થાપન અને ૧૦ પ્રાણીઓનું કૃત્રિમ બીજદાન જેવી વિવિધ પ્રવૃત્તિઓ હાથ ધરવામાં આવી.**














Watch useful YouTube videos on project activities run by the organization and subscribe to our channel : Click here

GREATNONPROFITS 2023 TOP-RATED NONPROFIT

TRANSPARENCY CERTIFIED GuideStarIndia GOLD VALID TILL JUN 2021 AWARDED TO GSN 556 Shikshan Ane Samaj Kalyan Kendra

Commitment to Transparency Verified, Valid till Dec 2023 GuideStarIndia — Organisation shares proof of filing its Income Tax Return for FY 2021-22 on www.guidestarindia.org

Share your review



www.sskkamreli.org info@sskkamreli.org